सीता स्वयंवर नाटकनां गायनो.

વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીને માટે
રચીને પ્રસિદ્ધ કરનાર.

રાવળ. ત્રંબકલાલ દેવશંકર
તથા
ત્રવાડી. ત્રંબકલાલ રામચંદ્ર.
વાંકાનેર આ. હિ. વ. ના. કંના મેનેજર.

આવૃત્તિ ૧ લી નકલ ૧૦૦૦



અમદાવાદ—એંગ્લો વર્નાક્યુલર પ્રીંટીંગ પ્રેસમાં છાપી
સંવત ૧૯૪૮ સને ૧૮૯૨
કીમત બે આના.

૪૯૫૨

सीता स्वयंवर नाटकनां गायनो.

બધા સાથે—

૧

વિભુ અકળકળા અદ્‌ભુત તારી, તુજ જાળ મોહ માયા ભારી;
આ વિશ્વ વિશે અતિ વિસ્તારી, છે ગહન ગતિ તારી ન્યારી.
શું કીધી માયા બહુ નામી, નર નારી ખગ મૃગ જગ પામી;
વન ધન મન સૌ અંતરગામી, એ અદ્‌ભુત રચના તુજ સ્વામી;
મુજ મતિ કૃતિ તુજપર વારી, છે ગહન ગતિ તારી ન્યારી.
હે જગપાલક પીતુ માતા, કર દ્રષ્ટી સૌ પર સુખ શાતા,
જય જય તું જય તું જગ ત્રાતા, સૃષ્ટામાં સૌનો સુખ દાતા;
વંદીએ સૌ તવ પદ અવીકારી, છે ગહન ગતિ તારી ન્યારી.

જનક—

૨

સાંભળ તું મુજ રાજકાજના અધીપતિ,
કેવી રાજ નીતીમાં, ચલાવો છો મતિ;
ન્યાયાગાર માંહી ન્યાય, પૂર્ણતા ભરે,
કેમ ધર્મ ધ્યાન જ્ઞાન, વિપ્ર આચરે.

રાજ્ય આપણા તણી, પ્રજા સુખી દુઃખી,
કામ લીયે કેવું ,સર્વ, શાળામાં સુખી;
માટે અકલ સકળ રથસે, અલબ્યાનું વૃત્તાંત,
બીગતવાર વાત કહો, સુણી થઉં હું શાંત.

પ્રધાન— ૩

ધર્મરૂપ ભુપ મારા, સુણો મમ વચન,
વિદ્યા ન્યાય કાર્યમાં, પ્રવર્તે સર્વ જન;
કન્યાલયો વિદ્યાલયો, આપ રાજ્યમાં,
ધર્મ કર્મ નીતી રીતી, પ્રીય સુકાર્યમાં.
અદલ ન્યાય થકી આપ, ભુપ અનુસરો,
પ્રજા સર્વ બાળ જાણી, દુઃખ દિરે ધરો;
ન્યાય રીતી નૃપતિ પ્રીતી, રાખી સુણો મન,
સર્વ વર્ણ ધર્મ શુભ, આચરે રાજન.

જનક— ૪

આનંદ દીવસ ભાગ્ય અગારાં, દર્શન થયાં પ્રભુ આજે તમારાં.
આનંદ ઉત્સવ આજે થયો છે, સ્નેહનો સૂર્ય ઝળકી રહ્યો છે.
દાસની વીનતી શ્રવણ કરીને, કાર્ય કહો મુને પ્રેમ ધરીને.

જન્મ કૃતાર્થ થયો આજ મારો, સ્તુતિ કરે હેતે દાસ તમારો.

પરશુરામ— ૫

ત્રંબક સંગ લઇને, ફરતો જપતો પ્રભુ કેરૂં નામ;
ઈચ્છા એવી થઈ જે, જાવું વીદેહી જનક તણે ધામ.

સીતા— }
સખીયો. } ૬

આનંદે રાણી હળી મળી સંગ કરો રંગ ધરી અંગે ઉમંગ,
વાર વાર ધરી પ્યાર, અન્યો અન્યમાં અપાર;
ની—ધ—પ—મ—ગ—રે—સા.
કરે તાલ દઈ ચો તાલ, ધીની નક તક,
ધીની નક તક, ધીની નક તક;
તધીન કીટ તક, ઉમંગ.
તાથૈયાં, તાથૈયાં, નાચોયાં, ગાચોયાં,
રાચોયાં, સાચોયાં, મુકોનાં, ચુકો ના;
સનનનનન છુમ.

સીતા.— }
સખી.— } ૭

ચાલ પ્રીયે સખી આજ આનંદે, શુભ ખેલ રમવાને જઈએ;

જેથી મનમાં મગન પમાએ, એવા બેલો આશ્ચર્યે.
ધનુષ્ય પકડ્યું મલ હાથ માંગ કરી, ચાપ ચડીને ફેરવ્યું;
નયન થયાં બહુ તુજને જોઈ, આનંદ પામું મનમાં હું,
વસ્ત્ર સંકોચી ચાપ ફેરવી, બેસ બેની સત્વર કરીએ.

ચંપકમાળા—

ધનુષ ઉઠાવું પણ નહીં ઉઠે, વજન ઘણી દીસે ભારી,
લેશ માત્ર નહીં ખસે ધરાથી, જોર કરીને હું હારી;
માટે આજ અહીં આવી તું, હાથ દઈ બેઉ ગ્રહીએ.

સીતા.— ૮

હાથ વીના જે કામો, કરે બહુ પણ નહીં વિજય પામે;
એ રીતે કીધું તેં, સર્વ શાણી બેની આ ઠામે,

સીતા.— ૯

સાંભળ શાણી સખી મુજ રે.
પૂજ્ય પિતાજી પધારે છે, ચાલો જઈએ ઘર માંહી.—
દ્વારપાલની પોકાર, શ્રવણે પડી આવાર;
પધારી પુછશી વાત, શું કર્યું આ બાળ—

પરશુરામ— ૧૦

શું ભુપાળ તું નીહાળ, આથી વાત ભારી;
કર્યું ચાપ આ ઉથાપ, ચાપ જો વિચારી.
અતિ પ્રચંડ એ કોદંડ, છેક અખંડ ભારી,
ખપે ન માત્ર લેશ, એક છેક કઠણ કારી;
પ્રગટ થાય લાગ કાળ, જાણ મન માંહી,
એવો કોણ મહાવીર છે, શું ધાર આંહી.

પરશુરામ— ૧૧

કરો પ્રતિજ્ઞા એવી, ચાપ પ્રત્યંચા ચઢાવે જે ભૂપ;
તે નૃપને તવ કન્યા, દેવી મારૂં વચન ધર્મરૂપ.

શતાનંદ— ૧૨

જયજય દયાળુ, ધર્મપાળુ, ધર્મી ધન્ય, ધરાપતિ,
જયજય પ્રજાપર પ્યાર પારાવાર, નમો મહીપતિ.
જયજય જશા તુજ જોર જાગો, દુઃખ નાસો આ સગે,
ઝટ ઝટ ધસી અરી શીર છેદો, વિજયને પામો તમે.

જનક— ૧૩

સ્વયંવર તૈયારી તણીરે, કરો અનુપ રચના ઘણીરે,

તન મન ધને મંડપ મણીમય કરો, આમંત્રણ અતિભાવે;
સર્વ દેશના નરેશને લખી મુકો સઘ, હર્ષે જનકપુર આવે,
વાત સર્વ કરૂં જઉં, અંતઃપુરે ભણી.

દશરથ— ૧૪

સુંદર રૂપ મનોહર, વૈદેહી છે જનક તણી બાળા,
ચાપ પ્રત્યંચા જે કો, ચઢાવે તેને રોપે વરમાળા;
તેથી આમંત્રણ તો, આવ્યું જાવું મીથુલેશ ધામ,
સેના સંગ લઈને, સ્વયંવર જોવા કરવા નીજ કામ.

સુમંત—હે ભુપાલ કૃપાળુ, વંદુ વચન હું સત્યારથ તમને,
મહીનીમાંહે શૂરવીર, ભાનુકુલસમ ભાસે નહીં અમને;
કઠોર ત્ર્યંબક શીવનું, મહા ભયંકર વિકાળ રૂપ,
રાઘવ વીણુ નહીં કો, પૂર્ણ પ્રતિજ્ઞા કરે કહું ભૂપ.

દશરથ— ૧૫

કૃતારથ આજ ગુરૂ મુને કીધો, દાસ જાણીને શ્રમ બહુ લીધો.
ધન્ય અવધના ભાગ્ય દયા નીધી, ધન્ય દીવસ સુખદાઈ;
આજ પવિત્ર થયાં ધામ મારાં, કરૂણા કરી આવ્યા આંઈ,
આ તમ કિંકરને કંઈ શેવા, હર્ષે ધરી કહો સ્વામી,

પૂછું પ્રીતે ગારો ધર્મ વિચારી, રાખું નહીં પ્રભુ આગી.

દશરથ— ૧૬

શુએ થાય હવે ઓ ઈશ, ધર્મ સંકટ પડ્યું રે.
કૌશીક આવ્યા હર્ષ ધરીને, વચન આપ્યું મેં પ્રીત કરીને;
ગાગો પ્રેમ ભરીને, જે મનમાં ઘડ્યું રે.
લઘુવય માંહી છે મુજ બાળા, વન દઉં કહો કેમ કૃપાળા
રાક્ષસ છે વિકરાલા, દીલ ચાકે અડ્યુ રે;
પુત્ર ન દઉં કદી યજ્ઞને કાજે, શ્રાપ દીયે ક્રોધે થઈ આજે
તો ભાનુંકુલ લાજે, ઉભય સંકટ અડ્યું રે;
પાર નથી પડતા વિચારો, પુત્ર દીધા વીણુ નાવે આરો.
ખણુ જાશે જીવ ગારો, દુઃખ આવી નડ્યુંરે.

વસિષ્ટ— ૧૭

કર રાજ ભવો ભવ ભાનુપતિ, અવનીમાં તપે તપ તુજ અતિ;
ધન ધાન્ય ધરાધીર વીર વધો, જશ જામો તુજ જગમાંહી બધો;
બહુ પ્રીતે પ્રજાપર પ્યાર ધરો, ગણી બાલ સહુ દુઃખ દૂર કરો
જય થાઓ મહીપતિ એવું ચહું, સુખ પામો અહોનીશ નૃપ બહુ.

સુમંત— ૧૮

થયા દુઃખી મહીપતિ, અતિ ભિરે બ્યથા થઈ;
પડયા દુઃખી સમુદ્રમાં, ઉતારો પાર હાથ દઈ.
આજ આવીયા અહીં, કૌશીક શીષ્ય સાથ લઈ;
રામ યજ્ઞ રક્ષ કાજ, આપ એજ જાચ્યું અહીં.
કઠોર દુષ્ટીઓની સાથ, બાલ કેમ ભીડે બાથ;
આપવા થયા અનાથ, ક્રોધ યુક્ત ગયા વઈ.

દશરથ— ૧૯

ધર્મ સંકટ શીર ભારી, કૃપાસિંધુ ધર્મ સંકટ શીર ભારી.
પરમ કૃપાળુ કૌશીક મુનીયે, અઘટીત વાત ઉચારી.
યજ્ઞ કરી સહુ વિપ્ર મળીને, પ્રેમ ધરી હિતકારી.
ભંગ કરે તે યજ્ઞ અસુરો, જોઈ સહુ હામ હારી.
માટે રામને લક્ષ્મણ મુજને, આપ યજ્ઞ સાક્ષકારી.
તેઓને જોઇ જગમાં હું જીવું, ક્રોધ કરી ગયા ધારી.

વસિષ્ટ— ૨૦

સુનો રામ ભાનુ કુલ કેતુ, એેસા ક્યા સોચ કરતા હે,

તેરા વો પુત્ર નહીં જાનો, જાનો એ જગત કર્તા હૈ;
જીસીકા ધ્યાન ધરે બ્રહ્મા, તેરે વો ગુરૂ ફીરતા હૈ,
ઉસીકું જાનો નહીં છોટા, હમેરા દુઃખ હરતા હૈ.

રામ—
લક્ષ્મણ } ૨૧

પીતાજી આપ ચરણુ શીશ નમીએ.

રામ— મનની ઇચ્છા જણાવો, શંકા નહીં કાંઈ લાવો;
આજ્ઞા શીર ધરી, અરી દળ દમીએ.

લક્ષ્મણ—ગને ગણી નાનો બાળ, વિમાસવું ના લગાર;
ચિંતામાં દીસો અપાર, કેમ સમીએ.

દશરથ— ૨૨

ધરી આશા તમો મુજ બાલા
મખ રક્ષણ કરો ધરી ધનુષ્યને, અસુર હણો વિકાલ;
અધમ અસુરો મારો પલકમાં. રઘુવંશીનું નામ દીપાવો,
આશીશ રૂષિવરની તમો લઇને, ધર્મ ચલાવો રસાલા.

દશરથ— ૨૩

કટપીનું સંકટ નિમ, આ ખટકે ક્ષત્રી અંગ;

શીર ચડાવી કાજ આજ, જાઓ રૂષી સંગ.
યજ્ઞ રક્ષ લક્ષમાં, ધરી ધરો ધનુષ્ય,
અધર્મ કર્મ ઉલટી, સુણી કરો મનુષ્ય;
ઝટકો ઝાલી કેશ પુત્ર, પટકો ધરાપર,
અંત આણો દુષ્ટનો, અતુલ મારી સર.

રામ — }
લક્ષ્મણ } ૨૪

પુજ્ય પીતા આપ તણી, આજ્ઞા ધરી મન;
રૂષિ સાથે ખુશી થઇને, જઇએ બેઉ તન.
રામ— ધનુષ્ય કર ધરી અરીનાં, કાપી જઈ શીશ;
યજ્ઞ મગન થકી કરાવી, લઇ અમો આશીષ.
લક્ષ્મણ—ધર્મની સહાય કરવી, એજ ક્ષત્રી કામ;
એ વિચારી પુજય તાત, જાઈ ધરી હામ.
રામ— સંકટ રૂપી ઝપટ દુર, કરી અમો હે તાત;
કપટી ક્રોધી રાક્ષસોની, કરીયે જઈ ઘાત.
લક્ષ્મણ—શસ્ત્ર લઈ બેઉ ભ્રાત, જાઈ રૂષિ સંગ;
ક્ષત્રીની રીતીમાં કદી, ન પાડી વિભંગ.
રામ—ધર્મ કર્મ રૂષિ તણા, કરાવી આપ બાળ;

રક્ષણ ગમનું કરીને, ધર્મ સ્થાપી હાલ.

લક્ષ્મણ—જાય શીર જાય કાગ ધાય તેયશું;
પીઠ પાછી ન દેખાડું, ભાનું વંશી છું.

રામ—કામ ધર્મ સ્થાપવાનું, આપ્યું અમને આજ;
પાય પાછો ધરી પિતાજી, જાય કુલ લાજ.

રામ—
લક્ષ્મણ— } ૨૫

કરી વીનંતી એજ ભ્રાત, આપને મુનેશ,
પુજ્ય માતુ અમવિના, ઉદાસી રે હમેશ;
માટે સર્વે રીતથી, કહી નગાવી ગાથ,
આવીયે રજા લઈ, ત્વરાએ આપ સાથ.

કૌશલ્યા— ૨૬

સુણુ પ્રીયે તું શાણી દાસી, સ્વપ્ન વાત મારી,
જાણે આંહી આવીયા, તપસ્વી ક્રોધ ભારી;
રામને અનુજ મુની, સંગે ગયા વન,
તેથી થાય આજ એની, વ્યાકુલ આ મન.

ચંદ્રપ્રભા—પવિત્ર માતુ સ્વપ્ન વાત, સાચીના લગાર,

નીરધન વળી ધન પામે, સ્વપ્નમાં અપાર;
પામે વંધ્યા સ્વપ્ન મહી, પુત્ર પરિવાર,
તે પ્રમાણે જાણો ગાતુ, વ્યર્થ સ્વપ્ન સાર.

કૌશલ્યા—કહી સર્વ સાચી વાત, પ્યારી મારી આજ,
થાય કાંઈ વિઘ્ન એન, સ્વલ્પ કાલમાંજ;
સૂર્ય જંખવાણો જોઉં, વરસે નેત્ર નીર,
દક્ષિણ આ અંગ ફરકે, ધરી રહે ન ધીર.

ચંદ્રપ્રભા—લાગે તે કુતર્ક કહું, હું જોડીને હાથ,
સર્વનું ભલું કરે, આરાધો વિશ્વનાથ;
માટે ઈશ પ્રાર્થના, કરીયે એક સંગ,
ક્લેશ જાય સુખ થાય, ઉપજે ઉમંગ.

કૌશલ્યા— ૨૭

પ્રભુ પરાત્પરા, નીરમલા મતીરે. વિનતી મારી, ઉરમાં ધારી;
ભય નીવારી, રક્ષાકારી, લક્ષ્મીના પતિરે.
સ્વપ્ન દુઃખથી કંપતી અતીરે, થા સહાય, વારે થાય,
દુઃખ જાય, સુખ થાય, શુભ દીઓ ગતીરે.

રામ— }
લક્ષ્મણ— } ૨૮

માતુ આપ બાળની, વીનતી સાંભળો,
ક્લેશથી કરી તમો ન, દીલમાં બળો;
વનમાં જવાનું તાતે, આપીયું વચન,
અવધિના વરસ પૂર્ણ, કરી આવો ભેટ તન.

રામ-લક્ષ્મણ }
સંઘમળા— } ૨૯

શોચ નહીં કરો માતુ અમારી, ઈશ સહાય કરશે તમારી રે.
જ્યાં ધરણી પરે સાધ થાઓ, હરીએ વીનતી પ્રીતી ધારી રે.
દુઃખ સમુદ્રમાં થયા ગીરફતાર, આંસુ ધારા વરસે છે ભારી રે.
જ્ઞાન દ્રષ્ટીએથી જુઓ હે માતુ, મોહોરા શું થાઓ છો વિચારી રે,

કૌશલ્યા— ૩૦

મારા પ્રાણ આધાર સપુત્ર, વદો શું વચન આ,
તમ વિયોગે આ મુજ કાય, રહે ક્ષણું એકના;
પુત્રો તમને જવા કેમ દઉં, વન વીશે એકલા,
બહુ બાઘ અને સિંહ સર્પ, અસુર ત્યાં તેટલા.
હજુ વય છે તમારી રે અલ્પ, નથી ધુપ જાણતા,
કદી દીઠો નથી સંગ્રામ, મેહેલમાં માણતા;

ક્યાંતો મોકલ્યું તાત તમારા, મુનીશ્વર સંગમાં,
પણ તમને સ્વપ્નની માય, છોડું નહીં જંગમાં.

રામ — }
લક્ષ્મણ. } ૩૧

કૌશીક ક્રોધી છે ભારી, ધરો ધ્યાન વીનંતી અમારી,
જો વાર અમોને થાશે, તો ક્રોધે મુની ભરાશે;
દીયે શ્રાપ નાવ્યાનું ધારી, ધરો ધ્યાન વીનંતી અમારી.
જે ક્ષત્રી રાજની માંહે, ગૌબ્રાહ્મણને દુઃખ થાઈ,
તે વ્યંડળ નૃપ ભીખારી, ધરો ધ્યાન વીનંતી અમારી.
અમો ભાનુંકુલના તન, ક્યમ લજવીએ તાત વચન;
કદી શીર ગયે નવ હારી, ધરો ધ્યાન વીનંતી અમારી.
કહી ક્ષાત્રી રીતથી તમને, દીયો આશીશ વચન શીર અમને,
મુખ વિજય શબ્દ ઉચારી, ધરો ધ્યાન વીનંતી અમારી.

ચંદ્રપ્રભા— ૩૨

શું પ્રીયે બાત જવા તમો, બીડો હામ અપાર;
પુજ્ય માતુની આ વીનતી, ધરો ધ્યાન લગાર.
વનમાં સંકટ સમુદ્ર છે, કેમ ઉતરો પાર

અસંખ્ય દાનવોથી ઝુઝવું, કરો દીલમાં વિચાર.
વિયોગ દુઃખ આ માતથી, નહીં સહન થાય,
ઝુરી ઝુરી મરશે નકી, જવું બંધ રખાય;
વીનતી મારી બાત આ સમે, ધરો દીલ માંહી આપ,
સાહસ કરવું આ ના ઘટે, થાય દુઃખ સંતાપ.

વસિષ્ટ— ૩૩

સુન કૌશલ્યે મુકી દે મમતા પરી,
પૂર્વ પ્રસંગે પ્રેમ પુની તેં, કીધી તેં શેવા હરી;
કરૂણાસીંધુ એ દીનબંધુ, તાપર કરૂણા કરી.
તવ ઉદરે અવતાર લેવાને, આપ્યું વચન હરી.

કૌશલ્યા— ૩૪

હે વ્યાપક વિશ્વનાથરે, દીનબંધુ તું દયા નીધી,
અરજુ તુંને હે વીઠલા, જગપાળ દયાળ,
દ્રષ્ટી દયાની કરી મુને, થાને સાહ્ય કૃપાલ;
આધાર તારે હે પ્રભુ, વસ રક્ષણ કાજ,
મોકલું પુત્ર હું વનમાં, રક્ષા કરજે મહારાજ.
બાંહ્ય ગ્રહીને બાલની, સાહ્ય કરજે મુરારઃ

વિઘ્ન વીદારી આપજો, જય સુખદ અપાર.

રામ લ૦— ૩૫

પુજ્ય માતુ આપની આજ્ઞા,
અમો શીરધારી, જૈએ ખુશી થકી વન.

લક્ષ્મણ—શસ્ત્ર અસ્ત્ર સજી અંગ, લડીએ શત્રુને સંગ,
રામ—કરતાં દૈત્ય પતન, થશે મુનીજન પ્રસન;
રામ લ૦—
મખ રક્ષણુ ચીત કામ ધરીને, કરશું ચિંતા ન કરો મન

સીતા— ૩૬

ખુશી થઈ હું આજ એની કાર્યથી તારા,
ચંચલાઈ શું વર્ણવું, મુખથી મારા;
હાર હાર બહાર રોશની કરી ભલી,
સુગંધીથી આવે, ચારે દીશથી અલી.
માલતીનો હાર, પ્યારી જોઉં હું આધાર,
શું છટાથી કીધુંછે, એની કામ તો અપાર;
સુખદાઈ દીન ચીત, દીસે છે મુને,
આનંદ આનંદ મન, બહુ છે કહું તુને,

[illegible]જીયા— ૩૭.

સુણુ પ્રાણુથી અધિક મુજ પ્યારી,
પ્રેમ ગંદરાદી પુષ્પ પરે ભારી;
કરી કંચુકી મેં તેની સ્નેહ ધારી,
વળી માલતી તણી ગુંથી મેં માળા,
ચતુરાઈથી કરી એની વીશાળા;
અળે શોભે શું તે તુજ જનક બાળા.
જોઈ આપનું સ્વરૂપ બેન આજે,
રંભા ઉર વસીને કામ રતી લાજે;
શું અનેક ભૂષણાદી અંગ છાજે.

[illegible]ંપકમાળા ૩૮

પ્યારી બેન આપના કથા પ્રમાણે આજ,
વિવિધ જાતની સુગંધી, રાખી પાત્રમાંજ;
સાડી જાઈ જુઈ પુષ્પની ગુંથાવવાને,
સોંપીછે મેં માલણને, કાલ લાવવાને.

[illegible]જીયા— ૩૯

સુણુ સકલ કલા ગુણવાન, જનકની બાળારે,
સુંદર રૂપ મનોહર તારૂં વળી રૂપની માળારે;
તેથી શોભા તણો નહીં પાર બેની તારા મુખનોરે,
આનંદ દીન ઉગ્યો છે આજ બેની મારી સુખનોરે.
પણ મુખ કમલવત તારૂં કરમાયું બાસેરે,
સૌ ઇશ કૃપાથી બેની દુઃખ તુજ નાસેરે;
કાંઈ ક્ષોભ ન રાખીશ બેની મળશે પતિ પ્યારોરે,
ગુણશીલ રત્ન રૂપ સ્વામી, વીધી દેશે સારોરે.

સીતા—

૪૦

બેની તુજ સત્ય વાક્ય હું જાણુંરે, પણ અંતરભેદ પ્રગાણું.
પિતા હર્ષ ધરી મુજ સારૂંરે, કરે મંડપનું કામ પ્યારૂંરે;
આવે આદેશો એક ઉચારૂં.
ભૂપ ભૂમી તણા સહુ આવેરે, તેને ગાજતે વાજતે લાવેરે;
ચાપ પ્રત્યંચા કોણ ચઢાવે.
મને લાગે નહીં કો એમાં, શીવ ચાપ ચડાવે પલમાં,
અતિ તર્ક થાય છે મનમાં, માટે ઉમાને પૂજું જઈને.
કરૂં પ્રાર્થના અતિદીન થઈને, વર આપે તો સુખ થાય તનમાં,
એ વીણ અન્ય ઉપાય ન મનમાં.

રામ— ૪૧

આનધપુરને મુકયા, દીવસ બે થયા આજ મુનીરાજ;
આપ તણો શીખાશ્રમ, રહ્યો કેટલો દુર શિરતાજ.
લક્ષ્મણ—ગૌબ્રાહ્મણને પીડે, તેવાને હણવાથી શું દોષ;
ધર્મ સંકટ કદી હોવે, તોપણ મારૂં ધરી બહુ રોષ;

રામ-લ૦— ૪૨.

ધરી હર્ષ અતુલ મનમાંહી, યજ્ઞની વીધી આચરોરે
લેશ ત્રાસ ન પામો આંહી, યજ્ઞ.
આ બાળ ગુરૂ તૈયાર, યજ્ઞ.
લઈ ધનુષ્ય બાણ અપાર, યજ્ઞ.
કરી દારૂણ યુદ્ધ આ ઠાર. યજ્ઞ.
વાળી અસુર જુથ સંહાર. યજ્ઞ.
કરી રણમાં હાહાકાર. યજ્ઞ.
મારી દળ કાપી અસુર અપાર. યજ્ઞ.
અમો છઈએ ભાનુવંશી તન. યજ્ઞ.
જય જય કરી જોઈએ ભુવન. યજ્ઞ.

[illegible]— ૪૩

જય જય જગપતિ દેવા.

શુદ્ધાંતઃ કરણે સહુ તારી, કરીએ નીરંતર સેવા,
નિર્વિઘ્ને અમ યજ્ઞ કાર્ય તમે, પાર પાડજો પરમેશ્વા;
અંતરયામી, તુજપદ પામી, જન્મ સફળ કરી લેવા
નીરંજન નીરાકાર, સાત્વીક રૂપે સાકાર;
નમી તુંને વારંવાર, અરજ કરી અપાર.

રામ.— ૪૪

કૃપાનીધીરે ચાલીએ આપની સંગ.
આપ દુઃખીતો અધિક દુઃખી અમ, આપ ઉમંગે ઊમંગ.
આપ ઇચ્છા અમ સાથ લેવાની, દીસે બહુ ખુશ રંગ.
ધર્મ અમારો જાણી મૂનીવર, કરી ન આજ્ઞા કદી ભંગ.
જનક પુરની રચના સરવે, જોશું ધરી ઉછરંગ.

રામ.—લ૦— ૪૫

પ્રિય પુજ્ય મુનીવરરે, સુખેથી પધારી-કરો સ્નાનની તૈયારી.
અમો અહીં રહી મખ રક્ષા કરશું, નિશ્ચિંતે રહેજો મનમાંઃ
આપ કૃપાથી સુનો મહારાજ, મન મહીં નહીં કોનો ડરરે.

લક્ષ્મણ— ૪૬

કૃપા કરીને કહો કૃપાળુ, હે મુનીવર સુખ ધામ,
શંકા મુજને પ્રાપ્ત થઇ છે, દુર કરો આ ઠામ;
સઘન વૃક્ષની લતા ઘટાથી, શોભીત વન અપાર,
દ્રષ્ટે કોઈ પડે નહીં જીવ જંતુ આ વાર.
મયુર કળાકર નૃત્ય કરે નહીં, કોકીલ શબ્દ નહીં,
અલી જુથ ગુંજે નહીં, ખગ મૃગ છે ન અહીં;
આશુ તાજુબી તણી, વાત મુની મહારાજ,
કહો મુજને આ સબંધી, સહુ ગિના શીરતાજ.

રામ— ૪૭

શું ખુબી કિરતાર, વિશ્વના પતિ
વીકટ વનમાં દ્રષ્ટે પડે નહીં, જીવ જંતુ આ ઠાર.
શાગા સુંદર અચાનકથી, પ્રાપ્ત થઇ નીરધાર.
રંભા ઉરવસી સહું આ પાસે, હોમ પાગેરે અપાર.
સમીપ આવે આપની પાસે, રવીસમ તેજ ભંડાર.
મુનીવર માંહી શ્રેષ્ટ દયાળુ, કહો કથન આચાર.

અહલ્યા— ૪૮

પ્રભુ મુંને મુક્ત તો કરીરે, શ્રાપ થકીરે.
બહુ દીનથી હું રે મહીની માંહેરે, સલ્યા રૂપ ધારીને રહીરે.
તવ પદ રજથીરે, પૂર્વ સમ પામીરે, અનુગ્રહ કીધો હે હરીરે.
કરજોડીનેરે, વીનવું તુંનેરે, અભય પદ દે કૃપા કરીરે.
આપું આશીષરે, સ્નેહ ધરીનેરે, જનક બાળા વરસે ખરીરે.

રામ લ૦— ૪૯

રૂષિવર શી બની શોભા, મીથુલા નગર હવે નંજરે પડેછે,
પુરણુ પ્રેમે, નીરખો, હરખો શીવની શોભા.
જુઓ જવાહીર જરૂખે ઝલકે, સૂર્ય પ્રભાવત તે ચલકે,
ગહેલો જાણે ઇંદ્ર ભુવન સમ, મુજમન, આનંદ, માય ન, મુનીજન.

સીતા -
વી૦—ચંદ્રપ્રભા } ૫૦

જયજય જગદંબે, જય ખેચર બાળી મા;
ભવ ભયની હરનારી, છો માતુ મારી.
સુખકર ભારી, સૈલ કુમારી, વીઘ્ન વીદારી,
ભય હરનારી, ખ્યાતી તારી, જગમાં સારી;
સીતા—વીનતી મારી, ઉરમાં ધારી, વરસુખકારી,

હે દુઃખહારી, અર્જ સ્વીકારી, છું બાળા તારી.

ચંદ્રપ્રભા— ૫૧

ઉપવન આ જો આનંદકારી, વૃક્ષ ઘટા દીસે સુખકારી.
મૃદુલ મનોહર સઘન લતાઓ, લપટાણીયું કેવી છટાજો.
પક્ષી મધુરસ્વરે ગાન ઊચારી, શોભાવે આ ઊપવન ભારી.

સીતા— ૫૨

સઘન વૃક્ષ રમ્ય ઊપવન ભારી, આનંદ પામી મતી જોઇ મારી.
ચંપો ચંબેલી ગુલાબ ને જાઈ, માલતી મોગર છે આ પ્યારી.
પુષ્પોને પ્રસરીને શીતલ સુગંધી, આવે પવન મંદમંદ સુખકારી
ભ્રમર સમુહ આ કમલને જોઇ, ધાઇ ધાઇ ધસે પ્રીતીએ ધીરી.

વીજયા— ૫૩

નવલ અજબ રંગના, નીહાળ વૃક્ષ પ્યારી,
સુંદર શુભ મધુર દીસે, વૃક્ષ રમ્ય ભારી;
શાલ તાલને તમાલ, જો અશોક આલી,
અંબ આંબલી અખોડ, જો ઝુકેલી ડાલી.
બીલી જો નવેલી દીસે, કેશુ કદમ કદલી,

ખાત્રી દ્રાક્ષને બદામ, લીંબ જાુગ્તી બદલી;
ચંપા સાથ ભીડી બાથ, લપટી જોઈ પ્યારી,
પ્રીતથી પસારે પ્યાર, વાર વાર ભારી.

સીતા— ૫૪

શુણુરે પ્યારી પ્રેમદા, દીસે એ આ નૃપના બાલ.
કોમળ તનને કાંતી શું કહઉ, જાણે ઇંદુ પ્રગટયો નીહાલ.
શીરપર કીરીટ જગાહીરે જડીયો, અંગે આભરણ શોભીત બાલ.
મોહાય થાઉં પ્યારી એને જાઉં શું ખુબી કરી જગપાળ.

સીતા— ૫૫

સુણુ પ્રીયે તું શાણી પ્યારી, કહું એક વાત,
કોણ ગામ વસે બાળ, કોણ પુન્ય તાત;
પુછ સરવે વીગતવાર, જા ત્વરાથી પ્યારી,
કેમ આવ્યા જનકપુર, કાર્ય શું વિચારી.

સીજીયા—આપ કાજ આજ મુજ શીર ચડાવી જાઉં,
ત્વરીત ખબર સર્વ એની, પછી ને હું લાવું.
અહો વિદ્યાવંત ભ્રાત, સ્થાન કોણ ગામ,
કોણ ભુપ બાળ આપ, કહો સુખ ધામ;

જનક બાળા બાઈ મુજ પુછવા તમોને,
મોકલી છે આપ પાસ, વાત કો અમોને.

રાગ ઘ૦— ૫૬

મન હરણુ વદન હાસી, ચપળ નેત્ર વાળી,
હર્ષથી પુછાવે અમોને, જનક ભુપ બાળી;
અવધપૂર નગ્ર ભુપના, છીએ બેઉ તન,
યજ્ઞ રક્ષકાજ, રૂષિ સંગ આવ્યા વન.
કૌશીકરાય ત્યાંથી લાવ્યા, સાથ જનકપુર,
શીવ ધનુષ્ય નીરખવા, હતો ઉમંગ ઉર;
સ્વદેશીને વીદેશી ભુપ, આવશે અહીં.
જોશું સર્વ હર્ષ ધરી, મંડપ ગહીં.

વાજીયા— ૫૭

અધીક તેજ સાંત મતી, વીનય ઉર ભારી,
ક્ષમા ને કૌશલ્ય પુર. વિવિધ છે વિચારી;
ગાવું જગતજનુની માત, અંબા કેરી પાસ,
જનકબાળા વરજો પ્રીને, એજ રાખું આશ.

વીજીયા }
ચંપકમાળા } ૫૮

શી રચના કીધી ભારી જો, બેન સ્વયંવર મંડપમાં.
કેવાં કામ કીધાં છે કોડેજો. બેન.
શો દીસે મનહર મંડપજો. બેન.
ભુલે ઈંદ્ર ભુવન આ જોતાં જો. બેન.
આવ્યા ભુપ ભૂમીના ભાવેજો. બેન.
પણ કોણ પ્રત્યંચા ચઢાવેજો. બેન.
જે ભૂપ હશે ભાગ્યશાળીજો. બેન.
તેને વરશે જનક કુમારીજો. બેન.
સૌ સોળ શૃંગારો સજીનેજો. બેન.
આવી સીતા સાથે સ્નેહેજો. બેન.

વીજીયા— ૫૯

કમળ વદન સખી ગ્લાની કેમ પામ્યું,
અશ્રુ ઝરત તુજ ચપળ નયનમાં,
દુઃખ એની આજ શું આ જામ્યું;
ધૈર્ય ધરી પ્રીયે, ધરણી પતીનું,
ધ્યાન ધરે દુઃખ જાય વામ્યું.

સીતા— ૬૦

શરગં ત્યાગીને, તુજ કહું અતીરે.
કલેશ થાય -હૃદયમાંય, દીલ દુઃખાય;
કહ્યું ન જાય, મુઢ થઈ મતીરે.
બાગમાં છાની, શ્યામ જે હતીરે,
ધર્યા શૃંગાર, અંગે અપાર, જોઈ જે વાર;
દીલ મોઝાર, ચપળ થઈ મતીરે.

સીતા ૬૧

પ્રીયે પ્યારી મારી કલેશ ઉર ભારી;
કહી વાર વાર વાત હવે હારી;
પામું ક્ષોભ હું અપાર પ્રાણ પ્યારી,
શું કહું પીતાને કઠોર પણ લીધું.
જરા વાત ના વીચારી કાર્ય કીધું;
હરી હાય જાય પ્રાણ -હૃદય વીંધ્યું.
સકોમલ કાય શ્યામ તણી પ્યારી;
આવે અંદેશો અપાર પ્રીયે મારી.
કયાંથી થાય તાત પૂર્ણ પણ ભારી;

ચંપકમાળા— ૬૨

ધીર્ય વિચારી જોને સખી તું, સુણતું વાત કહુ સ્યાગની હું,
અંતરજામી છે એ દયાળુ, જગકર્તા છે ભક્ત કૃપાળુ.
તાડીકા આદી અસુર સંહારી, રક્ષણ કરી યજ્ઞ મગ્નથી ભારી;
ગૌતમનારી અહલ્યા ઉધારી, તે જગસ્વામી પુરે આશ તારી.

સીતા— ૬૩

વાત કહું હું વિચારી, શરવ બેની.
મન સંકલ્પે વરીશું હું એને, સત્ય કહું પ્રીતે મારી.

સીતા— ૬૪

સખી આશે સ્વયંવર મંડપમાં, ત્રોડે કો દંડ જે કરમાં ધરીને;
પણ શંભે પિતનું પ્રણ કરીને, ખુશી થાઊં અપાર તેને વરીને.
ખરો એજ વિચાર મારા મનમાં સખી આશે સ્વયંવર મંડપમાં,
હું મનથી વરીશું જે સ્વામી, તેને શક્તિ તું આપ અંતર્યામી;
વાર વાર વંદુ શીરને નામી, પતિ એજ ખરો મુજ સહુ જનમાં.

ભાટ— ૬૫

સુનો ભરત ભૂમીના, ભૂપત ભારી ભરાઇ સૌ બેઠા,
શુદ્ધ ક્ષત્રીવટ હોયે, તે આવો ધરી હામ હૃદય હેઠા;

હસ્તે ગૃહી જે કોદ, આપ પ્રત્યંચા ચઢાવે આ ઠામ,
વિદેહ બાળા પ્રિતે, રોપે માળા પૂર્ણ થયે કામ.

રાવણ— ૬૬

દશ દીગપાલ ડોલાવી, હાક બજાવી, ત્રીલોકમાં મેં તો;
વિશ્વાત શી ત્રંબકની, માટે સર્વે અનલ થકી ચેતો.

વીજીયા— }
ચંપકમાલા— } ૬૭

ચાલ પ્રીયે તું જો આ મંડપ, રચના છે કેવી;
નયન થકી જોતાં દીસે, ઇંદ્ર ભુવન જેવી.
સ્થંભ છે અપાર સાર, જો તું આણિવાર,
તેમાં કામ મણીમય, કીધું છે અપાર;
ઠારઠાર કરી કમાન, કુંદનની વીશાળ,
પોખરાજ તેમાં જડીયાં, હર્ષથી નિહાળ.

જનક— ૬૮

સુરવીર ધીર વીના આરે, નીર વીર ધરણી થઈ ખરે,
ભોઠ ભુપ ભૂમીના મળી, જુએ આપ સહુ નીચાં કરી;

કહું વાત જાય નહીં કહી, શીવ બાણુ હાથાં કો ના ધરે.
શું ક્ષત્રી બીજ રહ્યું નહીં, સર્વ નૃપ ગર્વ તજ્યા સહી;
કોઈ દેખું હું નહીં આ સમે, ચાપ ચઢાવવાની હામ કરે.
રહી પુત્રી બાળ કુમારી જો, જોઈ કરણી સર્વની આજતો;
જાઓ ધામ આપ સહુ અરે, નહીં ટેક મુજ કદી ફરે.

લક્ષ્મણ— ૬૯

મુનીવર માંહી એક દયાળુ, સુણજો જનકનાં વચન કૃપાળુ.
વીણુ વિચારે શું બોલ્યા રાજન, રઘુવીર સુણતાં કઠણુ વચન.
કે તો ધરણી ધ્રુજાવી આજે, પલટી નાંખું ક્ષણુ ભરમાં જે.
આપો આજ્ઞા તો ત્ર્યંબક ત્રોડું, આ ભુપતિનું માન હું મોડું.
ત્ર્યંબક જેવાં ત્રોડુ હજાર, તો હે મુનિવર શો છે વિચાર.
નીરવીર નથી થઇ હજુસુધી ધરણી, આપો રજાકે જુવે ક્ષત્રીનીકરણી

વીજીયા— }
ચંપકમાળા— } ૭૦

આનંદ દીન આજરે:
સીતા રોપે વર માળરે,
ધન્ય દીવસ ધન્ય વખત જોઉ, ધન્ય જનક રાજન;

ધન્ય જોડી.રઘુવીરની પ્યારી, વાધે હર્ષ બહુ મનરે.

બધા સાથે— ૭૧

જયજગ તું, અખીલ વિભુ અત્ર સૌ તું, નિવારેરી.
સૌ પર પ્યારી, સુખ કરનારી, દ્રષ્ટી તારી, ધારેરી.
શુભ દુનીઆં, સ્વયંવરમાં, સૌ જનનાં, મન હરખ્યાં.
હર્ષ વધારી, જનક દુલારી, રઘુપતી પ્યારી, થાઓરી.
જય કરજે, દુઃખ હરજે, બસ કરજે, ચીત ધરજે,
જગદાધારા. સૌજન પ્યારા, ગુણ તગારા, ગાએરી.

સમાપ્ત.

જાહેર ખ...

અમારી પાસેથી નીચે મુજબ કિમતની ગાયનનાં ઓપેરાની ચોપડીઓ બહાર પડી છે તે જે સાહે- બોને જોઇતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે.

	કિમત.
હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા	રૂ૦—૩—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	રૂ૦—૨—૦
કેદારસિંહ પરમારના નાટકના ઓપેરા	રૂ૦—૨—૬
સીતા સ્વયંવરના ઓપેરા	રૂ૦—૨—૦
ભર્તૃહરી નાટકના ઓપેરા	રૂ૦—૧—૦
ચાપરાજ હાડાના નાટકના ઓપેરા	રૂ૦—૪—૦
મહારાણા પ્રતાપસિંહના ઓપેરા	રૂ૦—૩—૦
અભીજ્ઞાન શકુંતલા નાટકના ઓપેરા.	રૂ૦—૩—૦
સુરવીર શીવાજી નાટકના ઓપેરા	રૂ૦—૨—૦
દીવાળી દુઃખદર્શક ફારસના ઓપેરા.	રૂ૦—૧—૦

એ રીતે પુસ્તક અમારી પાસેથી મળશે તથા વાંકા- નેરમા રા૦ રા૦ વકીલ કેશવજી હેમચંદ પાસેથી. વઢવાણ શહેર માં રા૦ રા૦ ત્રવાડી જેશંકર મોરારજી પાસેથી મોરબીમાં રા૦ ભટ્ટ ચકુ વિ. જુઠા. તથા રા૦ સોની પોપટ ભ૦ ભગવાન- જી પાસેથી અમદાવાદમા કૃપાશંકર ગંગાશંકર મહેતા ઠે૦ પંચભાઇની પોળમાં પાટણમાં રા૦ રા૦ દશરથલાલ ગગુ- રામ તથા પાટડીમા રા૦ રા૦ વેલાજી રણછોડદાસ પાસે- થી, તથા વડોદરામાં પડખા જમનાશંકર દોલતરામ પાસે- થી એ રીતે મળશે

વિનંતી.

ગ્રંથકર્તા.